ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, ગાંધીનગરમાં કલાર્ક- ક્રમ- ડેટા એન્ટ્રી ઓપરેટરની જગ્યા હંગામી ધોરણે ફિક્સ પગારથી ભરવા બાબત....

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક :ટીડીસી/૨૦૦૬-૮૩૮-ઘ
સચિવાલય, ગાંધીનગર
તારીખ ૨૮/૦૫/૨૦૦૮

**વંચાણે લીધા :-**

૧. કાર્યપાલક નિયામકશ્રી આદિજાતિ વિકાસ નિગમ ગાંધીનગરનો તાઃ ૧૬/૧૧/૦૭ના પત્ર ક્રમાંકઃ જીટીડીસી/ મકમ/ ઉ.મ/ ૦૩/વશી/૨૦૧૭

**ઠ રા વ :-**

ગુજરાત આદિજાતિ વિકાસ અધિનિયમ.૧૯૭૨ થી ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન અસ્તિત્વમાં આવેલ છે. આ અધિનિયમ મુજબ કોર્પોરેશન આદિજાતિ વિકાસને લગતી કામગીરી કરે છે તથા રાજય સરકાર તરફથી ૧૦ મુદ્દા કાર્યક્રમ અંતર્ગત મોટા પ્રોજેકટોની અમલીકરણ સંસ્થાઓ સાથે નિગમ તરફથી નાણાંકીય ભાગીદારી કરવામાં આવે છે. સંકલિત ડેરી વિકાસ પરિયોજના લોન, ધિરાણ અને લોન / ધિરાણ રીકવરી માટે સુવ્યવસ્થિત હિસાબ તથા એન્ટ્રી લેવામાં તથા નિગમના હિસાબો ઓડીટ કરવા બાબતે નિગમ તરફથી આવી મોટી જવાબદારી ઉપાડવામાં આવે છે. અને જેને લક્ષમાં લઇ, લાભાર્થીઓના આપવામાં આવતી રકમ/ ભરપાઇ (પરત) ચુકવણી વગેરે જેવા હિસાબો અધતન રાખવા માટે નિગમના કાર્યભારણને ધ્યાનમાં લઇ ડેટા એન્ટ્રી ઓપરેટર ની જગ્યાએ રૂા. ૨૫૦૦/- ના માસિક મહેનતાણાથી (વેતનથી ) ભરવાની બાબત વિચારણા હેઠળ હતી. આ અંગે પુખ્ત વિચારણાને અંતે <u>રૂા.૨૫૦૦/- ના ફિક્સ પગાર થી ૧૧ માસના સમયગાળા માટે ડેટા એન્ટ્રી ઓપરેટરની બે જગ્યા ભરવા</u> માટે નીચે દર્શાવેલ શરતો મુજબ મંજુરી આપવામાં આવે છે.

૧) સદરહું જગ્યાઓ આ સાથે રાખેલ બોલીઓ અને શરતોને આધીન રહેશે.

૨) ઉમેદવારે આ સાથે સામેલ કરારખતના નમુનામાં કરાર સાથે સંમત થવાનું રહેશે

૩) ઉમેદવારની કરાર આધારિત આ નિમણુંક હાજર થયેલ તારીખ થી ૧૧ (અગીયાર) માસ માટે ની જ રહેશે.

૪) આ બે ડેટા એન્ટ્રી ઓપરેટરની જગ્યા ઉભી થતાં (ભરાતા) નિગમ માટેની બે ટાઇપીસ્ટ ની જગ્યા નાબૂદ (રદ કરવાની ) કરવાની રહેશે

૫) આ જગ્યા માન્ય પધ્ધતિથી ભરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નંબર-૯૬ મુખ્ય સદર -૨૨૨૫ -અનુસુચિત જાતિઓ, અનુ. સૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૭૯૬, આદિજાતિ

વિસ્તાર પેટા યોજના -૧૮, બીસીકે -૧૯૪, આદિજાતિ વિકાસ નિગમ અને (બોર્ડ), વિગતવાર સદર ૩૧૩૩ ,સહાયક અનુદાન (ખ) સ્થાનિક સંસ્થાઓ ગ્રાન્ટમાંથી ઉધારવાનો રહેશે

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર અગ્રસચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગની તા: ૬/૫/૦૮ ની નોંધ થી મળેલ સંમતિ થી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ડી.સી.પંડયા)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

કાર્યપાલક નિયામકશ્રી, ગુ.આ.જા.વિ. કોર્પો.ગાંધીનગર
મહાલેખાકારશ્રી, અમદાવાદ/ રાજકોટ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ.
તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
નિવાસી ઓડિટ અધિકારીશ્રી ગાંધીનગર
નાણાં વિભાગ અ- શાખા, સચિવાલય, ગાંધીનગર.
નાણા સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
બજેટ શાખા, (છ- શાખા) આ.વિ. વિભાગ સચિવાલય, ગાંધીનગર
નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ,
સિલેકટ ફાઈલ.

RAVAL- TDC-2006-838-GH-26508